# અમારા ઉપકારી વડીલો



શ્રી મહેન્દ્ર મોહનલાલ મહેતા



અ.સૌ. પ્રીતિ મહેન્દ્ર મહેતા

## શ્રી મહેન્દ્ર મોહનલાલ મહેતા
## અ.સૌ. પ્રીતિ મહેન્દ્ર મહેતા

### હસ્તે : હંસાબેન રમેશ મહેતા-નવી મુંબઈ.

મારા માતા-પિતા તથા સાસુ-સસરાની ગેરહયાતીમાં પણ મને વડીલની છત્રછાયા વગરનું લાગ્યું નથી તો તેના કારણમાં મારા જેઠ-જેઠાણી છે. વડીલોની હાજરી વખતે તેમના સખા તરીકે રહીને અને ત્યારબાદ અમારા સમગ્ર કુટુંબીઓના વડીલો તરીકે ફરજ બજાવતાં તેઓ પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરે છે. મારા પૂજ્ય મોટાભાઇ તથા પૂજ્ય ભાભીસાહેબ તુલ્ય મારા જેઠ-જેઠાણી, જેમનું જીવન સદૈવ નવકારમય રહ્યું છે તેવા મારા પૂજ્ય વડીલો જેઠ-જેઠાણીના નામને આ 'નવકાર પ્રભાવ ગ્રંથ'માં અંકિત કરાવતાં હું આત્યંત આનંદનો અનુભવ કરું છું.

માતૃભક્ત મહાન કવિ શ્રી દુલા કાગના એક કાવ્યમાં કવિ દિલની વ્યથા જણાવતાં માનવ સમાજને વિનંતી કરે છે: 'તારું આંગણું પૂછીને કોઇ આવે તો આવકારો મીઠો આપજે અને તેના દુ:ખ દર્દ સાંભળીને તેમને આશ્વાસન આપતા યથાયોગ્ય મદદરૂપ થજે.'

અમારા પૂજ્ય મોટાભાઈ-ભાભીસાહેબ તન-મન અને ધનથી યથાયોગ્ય, સાધર્મિક તથા અન્ય ધર્મીઓની યથાયોગ્ય સેવા કરવાની તક ગુમાવ્યા વગર પોતાના જીવનને આ કાવ્યમય બનાવતાં માનવ જન્મને સાર્થક બનાવી રહ્યા છે.

અસાધારણ, અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતાં તેઓશ્રીની એક જ ભાવના છે કે દરેક બંધુ-ભગીનીઓ આ અનુપમ, અણમોલ, અદ્ભૂત ગ્રંથ વાંચી આપના જીવનને નવકારમય બનાવો. આ સરળ ઉપાયથી આપણામાં 'સહજતાથી' 'પોતાની મેળે' તીર્થંકર ભગવંતોએ દર્શાવેલ શ્રાવક-શ્રાવિકાઓની આચાર સંહીતા વિકાસ પામીને આપણને મોક્ષ માર્ગે આગળને આગળ વધવા માટે સહાયરૂપ થશે.

'વેર-ઝેરના પાપ તજીને મંગલગીતો સૌ ગાવો, શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહો...'

લિ...હંસાબેન રમેશ મહેતાના જય જિનેન્દ્ર

# પરમોપકારી માતા-પિતાને ભાવાંજલિ





**શ્રી ભવાનજી લાલજી છેડા**
જન્મ : પુનડી (કચ્છ) તા. ૯-૧૧-૧૯૩૦
સ્વર્ગવાસ : ઘાટકોપર (મુંબઇ), તા. ૧૩-૪-૨૦૦૪

**દેવકાબેન ભવાનજી છેડા**
સ્વર્ગવાસ : ઘાટકોપર, (મુંબઇ)
તા. ૨૧-૩-૧૯૯૮

**अहो सागर गांभीर्यम्, अहो भूर्मः सहिष्णुता,**
**अहो सुगन्ध वाहित्वम्, वायोः शीतलताम् विधोः**
**अहो आकाश विस्तारः मातः पिताः त्वचि नमोनमः**
**पंचभूत स्वरुपिण्यै भुयो नमोस्तुतेः ।।**

અમારા પૂજ્ય પિતાશ્રી ભવાનજી લાલજી છેડા કચ્છ પુનડી ગામથી મુંબઇ આવી પોતાના અપ્રતિમ પુરુષાર્થથી છેડા ગ્રેન એન્ડ પ્રોવિઝન સ્ટોર્સના નામથી ઘાટકોપરમાં રાજાવાડી વિસ્તારમાં વ્યવસાયમાં સારી પ્રગતિ સાધી હતી. તેઓ ધર્મપરાયણ, સેવાપરાયણ પ્રતિભા હતા. ખૂબ જ પરિશ્રમ કરીને તેઓ આગળ આવ્યા હતા. તેમના સંતાનોનું પણ તેમણે શ્રેષ્ઠ જીવન ઘડતર કર્યું હતું.

માતુશ્રી દેવકાબેન પણ ધર્મનિષ્ઠ, સેવા નિષ્ઠ અને પરોપકારી સ્વભાવવાળા હતા. ખૂબ જ મહેનતું, શાંત, સરળ અને મિલનસાર હતા. ઉમદા આતિથ્ય ભાવનાનું સૂત્ર તેમણે ચરિતાર્થ કર્યું હતું. તેમના આ ગુણોને લીધે તેઓ ખૂબ જ પ્રિય બન્યા હતા. બહોળ પરિવારજનોમાં પણ તેમના આ ગુણોને લીધે તેઓ સૌને ખૂબ જ પ્રિય હતા. છેલ્લે છેલ્લે નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમનું આત્મબળ અજોડ હતું. એમના સ્વર્ગવાસની પ્રથમ પુણ્ય તિથિથી જ ઘાટકોપરમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયે પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ના નવકાર જાપનો પ્રારંભ થયો હતો. જે જાપ અનુષ્ઠાન આજે પણ નિયમિતપણે ચાલુ જ છે.

તેમના સુપુત્ર કિરીટ (રાજેશ) અને પ્રકાશ, સુપુત્રી ચંદન વિનોદ ગોગરી તેમજ પુત્રવધુઓ ભદ્રા (કૌમુદી), રીટા તેમના પૌત્રો વલય, સાગર, દોહીત્રીઓ પુનમ, હેતાલી અને રિદ્ધિ તેમનો અજોડ ધર્મ સંસ્કારનો વારસો દીપાવી રહ્યા છે.

છેડા પરિવાર (ઘાટકોપર)

# ભાવાંજલિ



**સ્વ. સૌમિલ ઉર્ફે રવિ સૂરજી ગડા**
(ઉ. વર્ષ ૧૮)



**સ્વ. ભાવિન સૂરજી ગડા**
(ઉ. વર્ષ ૮)

**(ગામ : કચ્છ લાકડીયા-ખાડીલકર રોડ, મુંબઇ-૨)**

તમારા બંનેની અચાનક વિદાયથી પરિવારના સર્વ સભ્યોને ઉંડો આઘાત લાગ્યો છે. તમને બંનેને કુટુંબના સર્વ સભ્યો કદાપિ ભૂલી શકે નહિ. તમારો બંનેનો હસતો, રમતો માયાળુ સ્વભાવ સતત યાદ આવે છે. તમારું બંનેનું જીવન અગરબત્તી જેવું સુગંધિત હતું. તમને ભાવાંજલિ અર્પતા પરિવારના સર્વ સભ્યોની આંખમાં અશ્રુ ઉભરાય છે.

**લિ. સૂરજી પોપટલાલ ગડા પરિવાર**
(ગામ : કચ્છ લાકડીયા)

**સરનામું**

ગિરધારી ભુવન, ૩જે માળે., બ્લોક નં. ૧૧, સદાશિવ ક્રોસ લેન,
ખાડીલકર રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૨.

# સ્વ. લલિતાબેન ન્યાલચંદ વોરાને અમારી ભાવાંજલિ







**સ્વ. લલિતાબેન ન્યાલચંદ વોરા**

**વતન** : જામનગર, **ઉંમર વર્ષ** : ૯૦

**જન્મ સ્થળ** : જામનગર, અષાઢ સુદ-૨

**સ્વર્ગવાસ સ્થળ** : મુંબઇ, સં. ૨૦૫૯ના અષાઢ વદ-૭ તા. ૨૦ મી જુલાઇ, ૨૦૦૩

**ધાર્મિક અભ્યાસ** : પંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વ બધા જ સ્તવન, સજ્ઝાય, બાર ઢાળ, અઢાર ઢાળ વગેરેના મુખપાઠ.

**ધર્મારાધના** : પ્રભુ કલ્યાણક તપ, વીશ સ્થાનક ઓળી, ચૈત્રી પૂનમ ભગવાનના એકાસણા, સહસ્ત્રકુટ, પાલિતાણામાં ચોમાસાની આરાધના.

આપની યાદ આવતાં અમારી આંખોમાં અશ્રુઓ ઉભરાય છે. આપના ધર્મ સંસ્કારોને અને મમતાળુ સ્વભાવને અમે ભૂલી શકીએ તેમ નથી. આપને અમે આદરપૂર્વક ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

**પુત્રવધૂ-પુત્ર**

સુશીલાબેન ચંપકલાલ વોરા
કમલેશબેન વિનયચંદ્ર વોરા
સુધાબેન મહેન્દ્રભાઇ વોરા
સુહાસબેન બકુલભાઇ વોરા

**પૌત્રવધુ-પૌત્ર**

રૂપલ સેતુ વોરા
રૂપલ સંજય વોરા
કોષા અમીત વોરા

**દીકરી-જમાઇ**

નિર્મળાબેન નટવરલાલ શાહ
ભાનુબેન મહેન્દ્રકુમાર શાહ
ઉષાબેન દીપકભાઇ ગાંધી
ઇન્દિરાબેન હસમુખલાલ શાહ
જયશ્રીબેન રાજેન્દ્રભાઇ શાહ

**પ્રપૌત્ર**

રિષી, વિરાજ, ઉત્સવ, ક્રિશીલ

**પૌત્ર-પૌત્રી જમાઇ**

સોનલ કેતન મણિયાર
સેજલ કમલેશ ઝવેરી
અલ્પા સુમીત પારેખ

શ્રુત ઉપાસક



# સ્વ. શ્રી નાનાલાલ મોતીચંદ સંઘવી

## સ્વર્ગવાસ : તા. ૪ નવેમ્બર, ૨૦૦૫

‘જો કરશો નમસ્કાર, તો મળશે સારા સંસ્કાર;
જીવનમાંથી દૂર થશે અંધકાર, જગમાં થશે જય જયકાર.’

આપે અમારાં જીવનમાં ધર્મશ્રદ્ધાનાં બીજ રોપી, સદાય ધર્મકાર્ય કરવા તરફ અમને દોર્યા છે....

નહોતી કોઇ ચિંતા કે નહોતી કોઇ ફિકર, કારણ તમે અમારી ઢાલ બની બેઠા હતાં. હો પુણ્ય અમારા એવા જન્મોજન્મ, મળો આપ એવી હૃદયપૂર્વક અરજ કરતાં...

સુકૃત સૌજન્ય પરિવાર...

ધર્મપત્ની : સરોજબેન નાનાલાલ સંઘવી

આપના ઋણી પરિવાર ગીરીશ નાનાલાલ સંઘવી

સુધા અજીતકુમાર દોશી, કિરણ જીતેન્દ્રકુમાર વોરાના જય જિનેન્દ્ર !

# સ્મરણાંજલિ



## માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશી લોડાયા (કચ્છ આરિખાણા-મુલુન્ડ)

'માતા તારું સ્મરણ કરતાં આંખડી થાય ભીની,
તારા વિના અમ હૃદયની વાટડી સાવ સુની;
ભૂલ્યો ના હું હસતાં હસતાં, તે સહી યાતનાઓ,
રંગો ન્યારા ઋતુ ઋતુ તણા, સ્નેહનો રંગ તારો,
તારી સ્મૃતિ સભર કરતી, જિંદગી આજ મારી,
ભીંજાયેલા સ્વરથી કરતો બંદગી આજ તારી !'

લિ...અ.સૌ. કલ્પના અને સોમચંદ વેલજી લોડાયા

ચિ. ચંદ્રેશ, ચિ. શીતલ, અ.સૌ. હીરબાઇ નારાણજી શિવજી મૈશેરી પરિવાર (લાલા-ડોંબીવલી)

# માતા-પિતા છે પરમોપકારી !



પૂ. પૂ. માતુશ્રી લક્ષ્મીબાઇ અને
પૂ. પિતાશ્રી વેલજીભાઇ વેરશી લોડાયા (આરિખાણા-કચ્છ)

*मातृदेवो भव: । पितृ देवो भव: ।।*

માતા દેવ તૂલ્ય છે, પિતા દેવ તૂલ્ય છે.

*येन प्रीणाति पितरं तेन प्रीत: प्रजापति ।*

*प्रीणाति मातर येन पृथ्वी तेन पूजिता ।।*

જે પિતાને પ્રસન્ન કરે છે તેનાથી પ્રજાપતિ (ભગવાન) પ્રસન્ન થાય છે, પરંતુ જેનાથી માતા પ્રસન્ન થાય છે, તે તો આખી પૃથ્વીને પ્રસન્ન કરે છે.

'પિતાનો પ્રેમ છે સૂર્ય જેવો, માતાનો જયમ શીતલ ચંદ્ર, માત્ર જન્મદાતા નથી માતા-પિતા, જીવનદાતા અને વળી છે સંસ્કાર દાતા !' આપના અમારા ઉપર અગણિત ઉપકારો છે. તેને અમે કેમ ભૂલી શકીએ ? આપ બંનેની ખોટ અમને સદૈવ સાલે છે. આપની યાદ આવતા અમારી આંખો ભરાઇ આવે છે. આપને અમે કદી વિસરી શકીએ તેમ નથી. અમે આજે જે કંઇ છીએ તે આપના પુણ્ય પ્રતાપે, આપના આશીર્વાદથી જ છીએ. અમારા જીવનને સંસ્કારોથી સુવાસિત કરી અમારા આગવા જીવનપંથને કંડારવામાં આપનું અમૂલ્ય પ્રદાન છે.

હે તીર્થ સ્વરૂપ માતા-પિતા ! આપ અમારા પર હંમેશા આશીર્વાદની હેલી વરસાવતા રહેશો. આપના આદર્શ પ્રમાણે ચાલવાની શક્તિ અને સામર્થ્ય અમને આપતા રહેશો. આપ બંને પુણ્યાત્માને અમારી વિનમ્ર શ્રદ્ધાંજલિ હો !





**અ.સૌ. કલ્પના અને સોમચંદ વેલજી લોડાયા ◆ ચિ. ચંદ્રેશ અને ચિ. શીતલ (આરિખાણા-મુલુન્ડ)**

**સુપુત્રી : અ.સૌ. હીરબાઇ નારાણજી શીવજી મૈશેરી પરિવાર (લાલા-ડોંબીવલી)**

# પ.પૂ. સાધ્વી શ્રી કીર્તિપૂર્ણાશ્રીજી મ.સા. ને ભાવપૂર્વક વંદના...



પિતાશ્રી મોહનલાલ



પૂ. કીર્તિપૂર્ણાશ્રીજી મ.સા.



માતુશ્રી લીલાવતીબેન



ભાઇ ચીનુભાઇ



ભાભી કમલપ્રભાબેન

શેઠ મોહનલાલના ધર્મપત્ની લીલાવતીબેનની રત્નકુક્ષીએ વીરબાળાનો જન્મ સં. ૧૯૯૧માં પંચાસરા પાર્શ્વ પ્રભુજીની પાવન ભૂમિ પાટણ મૂકામે થયો. વીસ વર્ષની યુવાનવયે વીરતાથી સંયમ ધારણ કરી વીરબાળા નામને સાર્થક કર્યું. પૂ.પા. સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી મ.સા.ના ચરણકમળમાં વીરબાળા સંયમ લઈ પૂ. સાધ્વીશ્રી કીર્તિપૂર્ણાશ્રીજી બન્યા. હાલ પૂ.પા. સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મ.સા. અને પૂ.પા. સાધ્વીશ્રી નિત્યાનંદાશ્રીજી મ.સા. ની નિશ્રામાં રહી ધર્મ આરાધના કરતાં ખૂબ સુંદર ગુણોનું સિંચન કર્યું છે. દયાળુ, નિખાલસ સ્વભાવ, દરેકનું ભલું ઈચ્છવા પૂર્વક કામ કરવાની ભાવના અને ઉદારતાપૂર્વક સંયમ જીવનનાં પચાસ વર્ષ સરળતા પૂર્વક પૂર્ણ કરી શક્યા છે.

સ્વાસ્થ્યની ઓછી અનુકૂળતાને કારણે તપાદિની આરાધનાને સ્થાને તપને બદલે જપનો નિશ્ચય કરી નવલાખ નવકાર, એક કરોડ અરિહંત પદનો તથા શ્રી શંખેશ્વર દાદાનો જાપ કરી સંયમ જીવનને ઉજ્જવળ બનાવ્યું છે. સુદીર્ઘકાળ સુધી નવકારની આરાધના કરતાં અને કરાવતાં સંયમ જીવનની ધન્યતાને પ્રદાન કરો એ જ શુભેચ્છા.

હિતેન ◆ અજય ◆ સંજય ◆ માલવ તથા યશ ◆ સોનલ ◆ અંજલિ ◆
ભક્તિ ◆ પંકિત ◆ ધ્વનિ તથા દેવાંશી એવમ્ દરેકની આદરપૂર્વક વંદના !